પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૧૧/૨૮૩૪/ક

સચિવાલય, ગાંધીનગર

તા.૧૮/૦૧/૨૦૧૨

વંચાણે લીધા....

(1) The Right of Children to Free and Compulsary Education Act, 2009.

(2) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/112010/2507/ક, તા.22/06/2011.

(3) શિક્ષણ વિભાગનું જાહેરનામા ક્રમાંકઃજીએસ/એટીએસ/૨- પીઆરઇ-૧૧૧૧-સીંગલફાઇલ-૩-ક, તા.૧૮/૦૧/૨૦૧૨

ઠ રા વઃ

પ્રાથમિક શાળાઓમાં આમુખ(1)થી દર્શાવેલ બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિનિયમના કલમ 19 અને શિડ્યુલ 01 માં જણાવ્યા મુજબ મુખ્ય શિક્ષકની જગ્યા આમુખ(2) થી દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી મંજૂર કરેલ છે. શિક્ષણ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃપીઆરઈ/૧૧૧૧/સીંગલફાઇલ/3/ક. થી મુખ્ય શિક્ષકની જગ્યા માટેના ભરતી નિયમો પણ મંજૂર થયેલ છે. આમુખ(3)થી દર્શાવેલ ઠરાવની જોગવાઈ મુજબ પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક ઉમેદવારી કરવા માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી ઉત્તીર્ણ કરવાની જોગવાઈ કરેલ છે.

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના આયોજન, સુચારૂ સંચાલન અને અમલીકરણની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છે.

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) નું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

1. **ઉમેદવારની યોગ્યતાઃ**
   (ક) શિક્ષણ વિભાગ દ્વારા મુખ્ય શિક્ષક માટે નિયત કરેલ શૈક્ષણીક લાયકાત, અનુભવ અને અન્ય જોગવાઈ/શરતો મુજબની રહેશે.
2. **મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અને કસોટી રચનાનું માળખું અને વિષય-વસ્તુઃ**
   (ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અંગેની તમામ કસોટીઓ બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપ (Multiple Choice Question Based – MCQS) રહેશે. દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ હશે,

PAM/2011/2-HTAT

જેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. પરીક્ષાની પધ્ધતિ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર નક્કી કરશે.

(ખ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના મૂલ્યાંકનમાં કોઈ નકારાત્મક ગુણાંકન (Negative Marking) રહેશે નહીં. સંપૂર્ણ ગોપનીયતા પ્રશ્નપત્રોની રચના સાથે જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા ઉત્તમ તજજ્ઞો દ્વારા ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવાની રહેશે. તે માટેના અલાયદા નિતિ નિયમો અને સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેની સાહિત્ય સામગ્રી અને જાહેરનામું ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર તૈયાર કરીને પ્રચાર અને પ્રસાર કરશે.

3. **પરીક્ષા ફીઃ**

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે.

4. **મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી / પરીક્ષાઃ**

ગુજરાત રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળામાં બઢતી કે સીધી ભરતીથી મુખ્ય શિક્ષક થવા માટે નીચે પ્રમાણેની પરીક્ષા લેવામાં આવશે.

**મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી / પરીક્ષાઃ**

**I.** પ્રાથમિક શાળામાં બઢતી કે સીધી ભરતીથી મુખ્ય શિક્ષક થવા આ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(ક) વિવિધ હેતુલક્ષી કુલ 150 પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ 120 મીનીટનો રહેશે. દરેક પ્રશ્નનો 1(એક) ગુણ હશે.

(ખ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી બે વિભાગમાં લેવામાં આવશે. દરેક વિભાગમાં 75-75 ગુણના પ્રશ્નો રહેશે.

(ગ) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના તમામ વિભાગ અને તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

(ઘ) બન્ને વિભાગોનું એક જ પેપર રહેશે.

**II.** વિભાગ – 1 (75-ગુણ)

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિભાગ – 1 ના ત્રણ પેટા વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(ક) સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નોઃ

- ભારતીય બંધારણ, મૂળભૂત હક્કો અને ફરજો
- રાજનીતી અને શાસનતંત્ર(રાજ્ય અને દેશ), પ્રવાહો અને માળખું
- ગણિત, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ.
- ખેલ-કુદ અને રમતો
- સંગીત અને કલા
- રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ-2005(આર.ટી.આઈ.)



PAM/2011/2-HTAT

૨

- ધ રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-2009 (આર.ટી.ઈ.)
- મહાન વિભૂતિઓ(દેશ), વર્તમાન પ્રવાહો અને આનુસાંગિક બાબતો

**(ખ) વહીવટી સંચાલનઃ**

- ગુજરાત સરકારનું શિક્ષણ વિભાગનું માળખું અને તેની કચેરીઓનું કાર્ય તેમજ આંતર સબંધો (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય શૈક્ષણિક ટેકનોલોજી ભવન, જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી)
- ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947
- ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો-1949
- ગુજરાત શૈક્ષણિક સંસ્થા (નિયમન) અધિનિયમ-1984
- ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ) નિયમો-1984
- નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન એક્ટ-1993
- શિક્ષણ પંચો અને શિક્ષણ નીતિ, શિક્ષણમાં નૂતન પ્રવાહો, શિક્ષણ સુધારણા અને પહેલ(રાજ્ય અને દેશ કક્ષાએ)
- રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિચર્યા-2005
- શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રાજ્ય અને રાષ્ટ્રીય સંસ્થાઓનું માળખું અને કાર્યો (એન.સી.ઈ.આર.ટી, નુપા, એન.સી.ટી.ઈ., સી.બી.એસ.ઈ.)
- શીખવવાના કૌશલ્યો, શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ
- શિક્ષણમાં નવીનીકરણ લાવવાની આવડત
- આચાર્યનું માનસિક સ્વાસ્થ્ય
- શિક્ષણમાં નવીન પ્રવિધિઓનું જ્ઞાન અને અમલીકરણ
- ક્રિયાત્મક સંશોધન,
- સતત અને સર્વગાહી મૂલ્યાંકન
- સ્કૂલ મેનેજમેન્ટ કમિટિ અને આનુસાંગિક તમામ બાબતો

**શાળાકીય નેતૃત્વઃ**

- શાળા સંચાલનના મૂળ સિદ્ધાંતો
- વ્યવસ્થાપનના કાર્યો અને ફરજો
- પ્રેરણા, માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન
- નેતૃત્વના ગુણો



PAM/2011/2-HTAT

(ગ) મેથડોલોજી અને એજ્યુકેશન સાયકોલોજી

- રીઝનીંગ એબીલીટી અને લોજીકલ રીઝનીંગ, ડેટા ઈન્ટરપ્રિટેશન સાથે

(75-ગુણ)

III. વિભાગ – 2

આ વિભાગમાં પ્રાથમિક શાળામાં ધોરણ – 1 થી 8 ના અભ્યાસક્રમ આધારિત પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે. પરંતુ તેનું કઠિનતા મૂલ્ય અને સબંધ માધ્યમિક શિક્ષણ (ધો.9 અને ધો.10) પ્રમાણે રહેશે પરંતુ દરેક વિષયનું ગુણ ભારાંક સમાન રહે તે જરૂરી નથી.

5. **મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં પસંદગી પામવાના ધોરણોઃ**

(ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં બન્ને વિભાગમાં જુદા જુદા ઓછામાં ઓછા 50 ટકા ગુણ અને બન્ને મળી ઓછામાં ઓછા 60 ટકા મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

(ખ) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારના કિસ્સામાં મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી 55 ટકા ગુણ મેળવીને ઉત્તીર્ણ કરવાની રહેશે.

6. આ પરીક્ષા પાસ કરવાનું સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત (જિલ્લા/નગર શિક્ષણ સમિતિ) અને અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષકની પસંદગી માટે ફરજિયાત રહેશે.

PAM/2011/2-HTAT

7. (ક) મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. એક વખત આ અભિયોગ્યતા કસોટી આપ્યા પછી ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા ગુણાંકન માટે એક કરતાં વધારે વખત પરીક્ષા આપી શકશે, પરંતુ તેવા સંજોગોમાં છેલ્લી કસોટીના ગુણ જ પસંદગી માટે માન્ય ગણાશે.

(ખ) બઢતીથી મુખ્ય શિક્ષક બનવા માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી(HTAT) એક વખત પાસ કરવાની રહેશે. તેમાં પાંચ વર્ષની સમય અવધિ લાગુ પડશે નહીં.

8. દરેક સફળ ઉમેદવારને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે જેમાં ઉમેદવારનું નામ અને સરનામું, પરીક્ષા કેન્દ્રનું નામ-સરનામું અને કોડ નંબર, ઉમેદવારની જન્મતારીખ, પ્રયત્નોની સંખ્યા, કસોટી આપ્યાનો માસ અને વર્ષ, બન્ને વિભાગમાં મેળવેલ ગુણ અને ટકા છાપવાના રહેશે.

3

9. મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદન પત્ર માંગવામાં આવે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો છૂપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું રાજ્ય પરીક્ષા બોર્ડને માલૂમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ. ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

PAM/2011/2-HTAT.

**પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની**
**અભિયોગ્યતા કસોટી (HTAT)**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૧-૨૮૩૪-ક,(ભાગ-૨)
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૦/૦૬/૨૦૧૩

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૮-૧-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૧-૨૮૩૪-ક
(૨) રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૧૦-૧૨-૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ રાપબો/TET-HTAT/ ૨૦૧૨/૪૩૭૩-૭૪.
(૩) રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૪-૧-૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ રાપબો/TET-HTAT/ ૨૦૧૨/૩૪-૩૫.
(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૨-૧-૨૦૧૩ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ./ નીતિ/૧૨/ક/૯૫.

**સુધારા ઠરાવ :-**

સંદર્ભ(૧)માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૧૮-૧-૨૦૧૨ ઠરાવથી રાજયની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher ) માટેની અભિયોગ્યતા કસોટી માટેના નિયમો બનાવવામાં આવેલ છે. તેમાં સંદર્ભ (૨) થી (૪)માં દર્શાવેલા પત્રોથી અનુક્રમે રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તરફથી થયેલ દરખાસ્તો લક્ષમાં લઇ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) નિયમ-૫(ક)ની હાલની જોગવાઇ બદલીને નીચે મુજબની નવી જોગવાઇ દાખલ કરવામાં આવે છે.

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં બન્ને વિભાગના સંયુકત રીતે મળી કુલ ૬૦ (સાઇઠ) ટકા ગુણ મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

(૨) નિયમ-૭(ક)ની હાલની જોગવાઇ બદલીને નીચે મુજબની નવી જોગવાઇ દાખલ કરવામાં આવે છે.

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. એક વખત આ અભિયોગ્યતા કસોટી આપ્યા પછી ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા ગુણાંકન માટે એક કરતાં વધારે

વખત આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર મુખ્ય શિક્ષકની ભરતી માટે HTATની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાનમાં લેવામાં આવશે.

ઉપર્યુક્ત સુધારા સિવાયની સંદર્ભ(૧)માં દર્શાવેલા તા.૧૮-૧-૨૦૧૨ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.

- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર, ચાણકય, સેકટર-૧૩, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

Extra No. 78

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIII] TUESDAY, MARCH 6, 2012/PHALGUNA 16, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

EDUCATION DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar 18th January, 2012.

**GUJARAT PRIMARY EDUCATION ACT, 1947.**

No. GH/SH/2/PRE/1111/Single file/3/K:- In exercise of the powers conferred by sub-section (3) of section 23 of the Gujarat Primary Education Act,1947 (Bom. LXI of 1947), the Government of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Head Teacher, Class III, in the subordinate service of the Directorate of Primary Education or respective District or Municipal Primary Education Committee, namely :-

1. These rules may be called the Head Teacher, Class III, in the subordinate service of the Directorate of Primary Education or respective District or Municipal Primary Education Committee, Recruitment Rules, 2012.

2. Appointment to the post of Head Teacher, Class III, in the subordinate service of the Directorate of Primary Education or respective District or Municipal Primary Education Committee, shall be made either,-

(a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons who,-

(i) have worked for not less than five years in the cadre of Primary Teacher, Class III, in the subordinate service of the Directorate of Primary Education or respective District or Municipal Primary Education Committee;

(ii) have passed the qualifying examination for Computer Knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006;

(iii) possess the educational qualifications as prescribed in clause

(b) of rule 4 for direct selection; and

(iv) have passed the Head Teachers Aptitude Test as may be prescribed by the Government:

Provided that where the appointing authority is satisfied that a person having the experience specified in sub-clause (i) is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it

may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two third of the period specified in sub-clause (i); or

(b) by direct selection.

3. The appointments by promotion and direct selection shall be made in the ratio of 1:1.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall,-

(a) not be more than 35 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who belongs to the Scheduled castes, Scheduled Tribes or Socially and Educationally Backward Classes or Women in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967:

Provided further that the upper age limit may be relaxed in favour of a candidate who is in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

(b) (1) possess a bachelor degree obtained from any of the Universities or Institutions established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such by the Government or declared as deemed University under section 3 of the University Grants Commission Act, 1956; and

(i) have completed two years certificate course of Primary Teachers Course of any of the Educational Institution recognized by the Government; or

(ii) possess one year degree in special education obtained from any of the Universities or Institutions established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such by the Government or declared as deemed University under section 3 of the University Grants Commission Act, 1956; or

(iii) possess a degree in education obtained from any of the Universities or Institutions established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such by the Government or declared as deemed University under section 3 of the University Grants Commission Act, 1956; or

(2) have passed Higher Secondary Certificate Examination from the Secondary and Higher Secondary Education Board; and possess,-

(i) a four years bachelor degree in Elementary Education obtained from any of the Universities or Institutions established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such by the Government or declared as deemed University under section 3 of the University Grants Commission Act, 1956; or

(ii) a four years bachelor degree in education obtained from any of the Universities or Institutions established or incorporated by or under the Central or State Act in India or any other Educational Institution recognized as such by the Government or declared as deemed University under Section 3 of the University Grants Commission Act, 1956;

(c) have passed the Head Teachers Aptitude Test as may be prescribed by the government;

(d) have atleast five years separate or combined experience of teaching as a Teacher or Vidhya Sahayak in Government or Grant in Aid or Non Grant in Aid Private Lower Primary School or Upper Primary School or Secondary Education School or Higher Secondary Education School or Primary Education Adhyapan Mandir or District Institute of Education and Training ( DIET);

(e) possess the basic Knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967; and

(f) possess adequate knowledge of Gujarati or Hindi or both.

5. The merit list for direct selection of candidates for the post mentioned in rule 2, shall be prepared on the basis of weightage as follows :

| Sr. No. | | Qualification | Weightage |
|---|---|---|---|
| (A) | 1 | Graduation | 20% |
| | 2 | Post Graduation | 05% |
| | 3 | Two years certificate course of P.T.C. or One year degree in special Education or degree in Education | 25% |
| | 4 | Head Teachers Aptitude Test | 50% |
| (B) | 1 | Four years degree in Elementary Education or Four years degree in Education | 45% |
| | 2 | Post Graduation | 05% |
| | 3 | Head Teachers Aptitude Test | 50% |

6. The candidate appointed by direct selection shall be on probation for a period of one year.

7. The candidate appointed by direct selection shall, during his probation period, be required to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

8. The selected candidate shall be required to pass an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

9. The candidate appointed either by direct selection or by promotion shall have to undergo such training and pass such examination as may be prescribed by the Government..

10. The candidate appointed by direct selection shall be required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

**POPATSINH VAGHELA**

Under Secretary to Government.

**NOTIFICATION**
**Education Department**
**Sachivalaya, Gandhinagar,**
**Dated the, 26/6/2013.**

**Gujarat Primary Education ACT, 1947.**

No.GH/SH/2/PRE/1111/Single file 3/K:-In exercise of the powers conferred by sub- Section (3) of section 23 of the Gujarat Primary Education Act, 1947 (Bom.LXI of 1947), the Government of Gujarat hereby makes the following rules further to amend the Head Teacher, Class-III, in the subordinate service of the Directorate of Primary Education or respective District or Municipal Primary Education Committee, Recruitment Rules, 2012, namely:-

1. These rules may be called the Head Teacher, Class-III in the subordinate service of the Directorate of Primary Education or respective District or Municipal Primary Education Committee, Recruitment (Amendment) Rules, 2013.

2. In the Head Teacher, Class-III, in the subordinate service of the Directorate of Primary Education or respective District or Municipal Primary Education Committee, Recruitment Rules, 2012, in rule 4, in clause (a), for the figure and word, "35 years", the figure and word, "36 years" shall be substituted.

By order and in the name of Governor of Gujarat,

(Yogesh Raval)
Under Secretary to Government.
Education department

**Copy forwarded with compliments to:-**

- The Secretary to the Governor (By letter)
- The Secretary to Hon.'ble Chief Minister. Sachivalaya. Gandhinagar
- The Personal Secretary to Hon.'ble Education Minister
- The Personal Secretary to Hon.'ble Education Minister for State.
- The Leader of Opposition, Gujarat Vidhansabha, Gandhinagar.
- The Addition Chief Secretary. General Administration Department. New Sachivalaya, Gandhinagar.
- The P.S. to Principal Secretary, Education department, Sachivalaya, Gandhinagar.
- The Secretary, Gujarat Public Service Commission, Lal Darwaja. Ahmedabad. (By letter)
- The Director of Primary Education, Gujarat State. Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar.
- The Accountant General. Ahmedabad/Rajkot.
- The Commissioner of Information, Gujarat State. Gandhinagar.
- The Director of Printing & Stationary, Gandhinagar- with a request to print in the Government Gazette.
- The State Project Director. S.S.A., Gandhinagar
- Select File, K-Branch. Education Department.

શિક્ષણ વિભાગ.

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૨.

**ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ,૧૯૪૭.**

**ક્રમાંક: જીએચ/એસએચ/ ૨/ પીઆરઇ/ ૧૧૧૧/ સીંગલ ફાઇલ/૩/ક:**-ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭(સન ૧૯૪૭ના મુંબઇના ૬૧મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી અથવા સંબંધિત જિલ્લા અથવા નગર (મ્યુનિસિપલ) પ્રાથમિક શિક્ષણ સમિતિની તાબાની સેવામાં, મુખ્ય શિક્ષક, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી અથવા સંબંધિત જિલ્લા અથવા નગર (મ્યુનિસિપલ) પ્રાથમિક શિક્ષણ સમિતિની તાબાની સેવામાં, મુખ્ય શિક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૨ કહેવાશે.

૨. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી અથવા સંબંધિત જિલ્લા અથવા નગર (મ્યુનિસિપલ) પ્રાથમિક શિક્ષણ સમિતિની તાબાની સેવામાં, મુખ્ય શિક્ષક, વર્ગ ૩ની જગા પરની નિમણૂક ,-

(ક) (૧) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી અથવા સંબંધિત જિલ્લા અથવા નગર (મ્યુનિસિપલ) પ્રાથમિક શિક્ષણ સમિતિની તાબાની સેવામાં, પ્રાથમિક શિક્ષક, વર્ગ-૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) સીધી પસંદગી માટે નિયમ ૪ના ખંડ (ખ)માં ઠરાવ્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાતો ધરાવતો હોય; અને

(૪) સરકાર ઠરાવે તેવી મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (એપ્ટિટ્યૂડ ટેસ્ટ) (*HTAT*) પાસ કરેલી હોય;

તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવતા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલભ્ય નથી અને તેના કરતાં ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે; તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ ૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે,

ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અથવા મહિલા ઉમેદવાર હોય તેની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧)ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઇપણમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે; અને

ઉમેદવારે.-

(૧) સરકારે માન્ય કરેલ શૈક્ષણિક સંસ્થાઓ પૈકી કોઇપણ શૈક્ષણિક સંસ્થાનો પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ (કોર્સ)નો બે વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ (સર્ટિફિકેટ કોર્સ) પૂરો કરેલ હોવો જોઇશે; અથવા

ઉમેદવાર.-

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઇપણમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ખાસ શિક્ષણમાં એક વર્ષની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા

(૩) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઇપણમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી શિક્ષણમાં પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા

ઉમેદવારે.-

(૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે; અને.-

ઉમેદવાર.-

(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઇપણમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પ્રારંભિક શિક્ષણમાં ચાર વર્ષની સ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઇપણમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી શિક્ષણમાં ચાર વર્ષની સ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે;

ઉમેદવારે,-

(ગ) સરકાર ઠરાવે તેવી મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (એપ્ટિટ્યૂડ ટેસ્ટ) (HTAT) પાસ કરેલી હોવી જોઇશે;

ઉમેદવાર.-

(ધ) સરકારી અથવા સહાયક અનુદાન મેળવતી (ગ્રાન્ટ-ઇન-એઇડ) અથવા બિન-સહાયિત (નોન ગ્રાન્ટ-ઇન-એઇડ) ખાનગી નિમ્ન (લોઅર) પ્રાથમિક શાળા અથવા ઉચ્ચ (હાયર) પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શિક્ષણ શાળા અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ શાળા અથવા પ્રાથમિક શિક્ષણ અધ્યાપન મંદિર અથવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડીઆઇઇટી)માં શિક્ષક અથવા વિદ્યા સહાયક તરીકે શિક્ષણનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો સ્વતંત્ર અથવા સંયુક્ત અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ચ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(છ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. નિયમ ૨માં જણાવેલી જગા માટે ઉમેદવારોની સીધી પસંદગી માટેની ગુણવત્તા યાદી, નીચે પ્રમાણેના ગુણભાર (weightage)ના આધારે તૈયાર કરવી જોઇશે :

| અનુક્રમાંક | | લાયકાત | ગુણભાર (weightage) |
|---|---|---|---|
| (ક) | ૧ | સ્નાતક | ૨૦% |
| | ૨ | અનુસ્નાતક | ૦૫% |
| | ૩ | પી.ટી.સી.નો બે વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ (સર્ટિફિકેટ કોર્સ) અથવા ખાસ શિક્ષણમાં એક વર્ષની પદવી અથવા શિક્ષણમાં પદવી | ૨૫% |
| | ૪ | મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (એપ્ટિટયૂડ ટેસ્ટ) (HTAT) | ૫૦% |
| (ખ) | ૧ | પ્રારંભિક શિક્ષણમાં ચાર વર્ષની પદવી અથવા શિક્ષણમાં ચાર વર્ષની પદવી | ૪૫% |
| | ૨ | અનુસ્નાતક | ૦૫% |
| | ૩ | મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (એપ્ટિટયૂડ ટેસ્ટ) (HTAT) | ૫૦% |

૬. સીધી પસંદગીથી નીમાયેલા ઉમેદવારે, એક વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઇશે.

૭. સીધી પસંદગીથી નીમાયેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી માટેની લાયકી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૮. પસંદ થયેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નીમાયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૧૦. સીધી પસંદગીથી નીમાયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પોપટસિંહ વાઘેલા,
સરકારના ઉપસચિવ.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.